PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/કવા–૦૧/૧૭–૧૮/ 3529 તા. 26/04/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કરમુર ચના રણમલ,
ગામ: દેવળીયા,
તા. કલ્યાણપુર
જી. દેવભુમી દ્વારકા

**વિષય :–ભાગીદારી વાળા કુવા મા ખેત જોડાણ બાબતે વાંધા અરજી**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૮/કવા–૦૧/૧૭–૧૮)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-2..)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૦૮/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૭–૦૪–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: કરમુર ચના રણમલ, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)

## : હુકમ :

**ફરીયાદ : ભાગીદારી વાળા કુવા મા ખેત જોડાણ બાબતે વાંધા અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના કૌટુંબીક સંયુકત ભાગીદારી વાળા એવા કુવા પર, જે સર્વે નંબર ૩૫૪ પૈકી મા આવેલ છે, તે કુવા પર, શ્રી કાનાભાઈ ડાહુભાઈ કરમુરે, કુવા ના અન્ય ભાગીદારો ને અજાણ રાખીને, ખોટી સંમતી મુજબ ના દસ્તાવેજીક પુરાવા સાથે ની, નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૧૯–૦૪–૧૦ ના રોજ પીજીવીસીએલ મા નોંધાવેલ હતી. હાલ આ અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. જેથી, માંગણીદાર શ્રી કાનાભાઈ ડાહુભાઈ કરમુર ને, સદર સંયુકત ભાગીદારી વાળા કુવા પર જોડાણ આપવા તેમજ, તે જોડાણ ની વીજલાઈન, અન્ય ભાગીદારો ની નજીક ની જમીન પર ઉભી ન કરવા, તેઓ શ્રી એ, આગવી વાંધા અરજી રજુ કરીને, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી કરમુર ચના રણમલ ની ઉપરોકત મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી મા વર્ણવ્યા મુજબ ના, હાલ મા મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી શ્રી કાનાભાઈ ડાહુભાઈ કરમુર ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે શ્રી કાનાભાઈ ડાહુભાઈ કરમુરે, જે સંયુકત ભાગીદારી ના કુવા પર જોડાણ માંગેલ છે, તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી હોવાની જાણકારી પીજીવીસીએલ ની સબંધક કચેરી ના નાયબ ઈજનેર શ્રી તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને, સ્થળ પર તા.૨૬–૦૪–૧૭ ના રોજ રૂબરૂ ઉપસ્થિત રહી અને અપાયેલ હતી. આમ, શ્રી કાનાભાઈ ડાહુભાઈ કરમુર સદર જોડાણ, જે સંયુકત ભાગીદારી ના કુવા પર મેળવવા માટે, પીજીવીસીએલ ના નિયમાધીન હકકદાર હોવાની બાબત ને, ફરીયાદી અરજદાર શ્રી એ, રાજીખુશી અને સંમતી અને તેમના તા.૨૬–૦૪–૧૭ ના લેખીત સંમતીપત્ર મા સહી કરી અને માન્ય રાખેલ છે.આમ, હવે અરજદાર શ્રી ને સદર બાબતે કોઈ ફરીયાદ રહેતી ન હોય, સદર ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની, સંયુકત ભાગીદારી ના કુવા પર ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી , જે નિયમાધીન હોવા બાબત ની જાણકારી, જે સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર અધિકારીએ, તા.૨૬–૦૪–૧૭ ના રોજ અરજદાર શ્રી ને આપતા, અરજદાર શ્રી એ સદર નિયમાધીન બાબત, જે તેમના તા.૨૬–૦૪–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ માન્ય રાખેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪:** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ અરજદાર ના તા.૨૬–૦૪–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ઉપરાંત રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.